સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

મંત્રી - અમે આંખ મીંચી ફી-ફતવા દીધા કરશું !
સંચાલક - ગાંઠે છે કોણ, લૂંટ ફી લીધા કરશું !
વાલી - નિરાશ થઈ ઝેરનાં ઘૂંટ પીધા કરશું !
ધારાસભ્યો - અમે સત્તા-પદની સુવિધા કરશું!!
(શિક્ષણ મંચે નાટક)

હાઈકુ

મળશે માલ,
શિક્ષણની દૂકાને -
ભાવ પ્રમાણે...
(ફી મુજબ ગુણવત્તા -
(સંચાલક ધમકી)

'રાજકારણ -'
હાથમાં થયો કેદ -
શિક્ષણ ધંધો...
(અધઃપતન)

ચિંતન

ગુરુણાં માતા ગરીયસી ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

માતાપિતા, વડીલો અને શિક્ષક ગુરુ કહેવાય છે. પરંતુ આ બધા ગુરુઓમાં માતા જ શ્રેષ્ઠ ગુરુ છે. આપણા ધર્મશાસ્ત્રો અનુસાર ગુરુ કરતાં પિતા તો ગણા પૂજનીય છે અને પિતા કરતાં માતા હજાર ગણા પૂજનીય છે.

માતાપિતા શિક્ષણ-સંસ્કારના પ્રથમ ગુરુ છે. પરંતુ 'મા' તો બાળકની નાડ સાથે જોડાયેલી હોવાથી માતાના ખાવા પીવા અને રક્ત સાથે બાળકમાં 'મા'ના વિચાર-સંસ્કારનું સિંચન ગર્ભથી જ થવા લાગે છે, 'મા' સાથે બાળક પિતા કરતાં સમયની રીતે વધારે સંકળાયેલું હોય છે તેથી 'માતા' શ્રેષ્ઠ ગુરુ છે.

સુવિચાર

- તક હંમેશા તકલીફોનો બુરખો પહેરીને આવતી હોય છે, એને ઓળખવાનું કામ આપણું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગીનું આગણું વાંકુ છે, છતા હું નાચીશ - **સુધા ચંદ્રન**
- રાણીનાં હીર-ચીર ધોબણને મન બાળોતિયાં જ છે - **અખંડ આનંદ**
- એ રીતે કામ કરો કે તમારા કામના સિદ્ધાંતને આખા જગત માટે નિયમ બનાવી દેવામાં આવે - **રોબર્ટ ફ્રોસ્ટ**
- માતાની ગોદમાં સ્વર્ગ છે, પણ સ્વર્ગમાં માતાની ગોદ નથી - **વજુ કોટક**
- ધનસંગ્રહ કરતાં તપસ્યાનો સંગ્રહ શ્રેષ્ઠ છે - **મહાભારત**

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

ઉત્તરપ્રદેશ લખનૌમાં રહેતા બનારસી દાસ ચતુર્વેદી. એમણે કરૂણા તથા પ્રેમના અનેક કાવ્યો લખ્યા. એકવાર શહેરમાં પ્લેગ ફેલાયો. બનારસીદાસ સાહિત્યકારમાંથી સેવાકાર થઈ ગયા. પ્લેગના દર્દીઓની પથારીએ પથારીએ ફરે અને સવારથી રાત બસ એમની સેવા કરે. પ્લેગ ફેલાવતા ઉંદર પકડે એનો નાશ કરે. એમના બીજા કવિ મિત્રોએ કહયું કવિતા સર્જનમાં ધ્યાન આપો. ત્યારે કવિ બનારસીદાસે જવાબ આપતા કહ્યું, ગરીબ પ્લેગના દર્દીઓની સેવા એ કવિતાના સર્જન કરતાં પણ ઉત્તમ કાર્ય છે. કાલ્પનિક લાગણીઓની અભિવ્યક્તિ કરું તો હું આ જીવતા જાગતા ઈશ્વરના કાર્યનો વિરોધ કરું છું એવું સાબિત થાય, મને તો આ દરિદ્રનારાયણની સેવા કરવામાં અલૌકિક આનંદ મળે છે, ઉંદર પકડવામાં યે અજબ આનંદ આવે છે. અને પ્લેગના દર્દીની સારવાર સુશ્રુષા દ્વારા દર્દીઓ જે હાશકારાના શ્વાસ લે છે તે એક એક શ્વાસ અને એમની આંખમાં દેખાતી આભારની લાગણી એ જ મારી કવિતા છે.'

કાશ્મીરમાં ભારેલો અગ્નિ

તંત્રીસ્થાનેથી...

આખા દેશમાં અને દુનિયામાં ડંગો વગાડી દીધા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઘર આંગણે શિરોવેદના બની રહેલ કાશ્મીરનું કોકડું ઉકેલવામાં સફળ થઈ શક્યા નથી તેની પ્રતીતિ તાજેતરમાં કાશ્મીરની શ્રીનગર લોકસભાની ચૂંટણીમાં થયેલ મતદાનના નિમ્નતમ આંકડા પરથી થઈ શકે એમ છે. છેલ્લાં ત્રીસ વરસનાં થયેલ સૌથી નીચું મતદાન આ વખતની પેટા ચૂંટણીમાં નોંધાયું છે. ફક્ત સાડા છ ટકા મતદાનનો આ આંકડો ભારત સરકાર અને જમ્મુ કાશ્મીરની રાજય સરકાર બેઉ માટે શરમજનક કહી શકાય એવો છે. સો મતદારોએ પૂરા સાત મતદારો પણ એમના મતાધિકારનો ઉપયોગ કરવા મતદાન મથક સુધી ગયા નથી અથવા રાજય સરકાર કે રાજકીય પક્ષો એમને મતદાન મથક સુધી જઈ શકે એવું વાતાવરણ સરજી શકેલ નથી એ શું સૂચવે છે ? કાશ્મીરમાં જે તંગદિલી ભર્યું વાતાવરણ પ્રવર્તી રહ્યં છે તેમાં કરોડો રૂપિયાનાં વિકાસ કાર્યો અને છેલ્લે જેનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ થયું તે એશિયાના ધોરી માર્ગો ઉપર પહાડ કોરીને બનાવાયેલ સૌથી લાંબી સુરંગ જેવા પ્રોજેક્ટ કે દુર્ગમ પહાડી વિસ્તારોમાં પહોંચેલી ટ્રેન સર્વિસ કેળવવામાં નિષ્ફળ સાબિત થઈ છે. અલગતાવાદી તત્ત્વો સરહદ પારનાં ભાંગફોડિયા અને આતંકવાદી જૂથોના સહકારથી કાશ્મીરી યુવા પેઢીને ગેરમાર્ગે દોરી રહ્યાં છે, જેની ફળશ્રુતિ લશ્કરી જવાનો પર સતત કરાતા પથ્થરમાતા તરીકે દૃષ્ટિગોચર થાય છે. મોદીએ ટેરરિઝમના વિકલ્પે ટૂરિઝમ વિકસાવવાની આપેલી સકારાત્મક સલાહ વાંઝણી નીવડી છે અને કાશ્મીરનાં ઝનૂની દેશદ્રોહી તત્ત્વોએ પ્રજાને એ હદે બાનમાં લીધી છે કે લોકો મતદાન કરવાના અધિકારથી વંચિત રહ્યા છે. વળી આટલા ઓછા મતદાનની સાથે લશ્કરી દળો સાથેની અથડામણમાં આઠ જણાએ જીવ ગુમાવ્યો છે. આવી લોહિયાળ ચૂંટણીનો કોઈ અર્થ ખરો ? રાજય સરકાર અને કેન્દ્રની ગુપ્તચર એજન્સીઓએ આ અંગેની આગોતરી બાતમી આપી જ હશે. છતાં એવા દહેશતભર્યા વાતાવરણમાં ચૂંટણી યોજનાનું દુઃસાહસ એ પણ મહેબૂબા સરકાર કે જેમાં ભારતીય જનતા પાર્ટી પર સામેલ છે - એની સરિયામ નિષ્ફળતા જ લેખાય. કેન્દ્ર માટે પણ આ ચૂંટણી કલંક સમાન ગણાશે. જમ્મુ-કાશ્મીરના ઈતિહાસમાં સૌથી ઓછું મતદાન મહેબૂબા અને મોદીની સરકારો ના શાસનકાળમાં નોંધાયું છે તે આપણી કહેવાતી સફળ લોકશાહીની કડવી વિડંબના છે. પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરંસના મોભી ડૉ. ફારુક અબ્દુલ્લાએ જે ચિંતા વ્યક્ત કરી છે એમાં અતિશયોક્તિ કે અંગત રાજકારણ જેટલું જ કઠોર વાસ્તવિકતાનું તથ્ય પણ સમાયેલું છે. વળી આટલા ઓછા મતદાન પછી વિજયી થનાર ઉમેદવારે કે એની પાર્ટીએ પણ છાતી ફુલાવીને ફરવાનું કોઈ કારણ નથી રહેતું. બની શકે કે પરિણામો શાસક પાર્ટીની જ તરફેણમાં આવે, પરંતુ એનો અર્થ હરગિજ એવો ન થઈ શકે કે કાશ્મીરની પ્રજાએ એને સ્વીકારી છે. પાકિસ્તાન અને ચીન જેવાં ભારતનાં દુશ્મન રાષ્ટ્રો માટે આ ઘટના એક રાજકીય હથિયારની ગરજ સારી શકે એમ છે. સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ એ લોકો કાશ્મીરની પ્રજા કેટલી હદે 'સલામત' છે, એનો કટાક્ષમય ચિતાર રજૂ કરીને આગમાં ઘી હોમવાનું જ કામ કરશે એણાં શંકાને સ્થાન નથી. એક તરફ દેશના સૌથી મોટા અને મહત્ત્વનાં રાજયમાં હિંદુત્વના ખુલ્લાએજન્ડા સાથે મળેલી ઝળહળતી ફતેહ અને એની સામે મુસ્લિમ બહુમતીવાળા દેશના મુગટ સમા પ્રદેશમાં ફક્ત સાડા છ ટકા મતદાન સાથેની લોહિયાળ ચૂંટણી આગામી સમયગાળો દેશ માટે કેવા વિપર્યાસોથી ભરેલો હશે એના સંકેત સમાન છે.

''ના, સાહેબ અમારે 'સર્કસના સિંહ' નથી બનવું''

'સર, આ મેસેજ તદ્દન ખોટા છે.' રોયલ બોલી.રોયલ, પિન્કી, કોમલ, પાયલ, રિષા, રેખા અને રંજન વગેરે વિદ્યાર્થિનીઓ તાસ પૂરો થયા બાદ પ્રોફેસરને ઘેરી વળી. પિન્કીએ તેમાં સુર પૂરાવતાં કહયું, 'આવું બની જ કેવી રીતે શકે ?' પાયલ અને રિષા બોલી પડયાં. 'હા.. હા. સર.. આવું બની જ ન શકે. આ અશકય છે.'

ખૂણામાં બેઠેલા ઉમંગે કહયું 'સર, સિંહ તો જંગલનો રાજા છે એવી વાર્તાઓ બાળપણમાં સાંભળેલી તો પછીપ. !' અત્યાર સુધી ચૂપ બેઠેલા જિજ્ઞેશે સીઆઈડી સ્ટાઈલમાં કહયું, 'સર, કુછ તો ગરબડ હૈ.'

તાસ પૂરો થયા પછી કોલેજના વિદ્યાર્થીઓ પ્રોફેસરને કોર્સ બહારના પ્રશ્નો પૂછીને હેરાન કરી શકતા હતા. પ્રોફેસરે તેમને છૂટ આપેલી. વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછે એ તેમને ગમતું.

વાત જાણે એમ બની હતી કે કેટલાક સિંહો સર્કસમાં કામ કરતા હતા. પ્રાણીઓને હેરાન કરી શકાય નહિ. તેવા કાયદાના પાલનાર્થે સર્કસના ચાર સિંહોને જંગલમાં છોડી દેવાનો નિર્ણય લેવાયો. અને માઠા સમાચાર આવ્યા કે જંગલના કૂતરાઓએ ત્રણ સિંહોને ફાડી ખાધા જયારે ચોથો સિંહ ભાગી છૂટવામાં સફળ રહયો હતો.

પ્રોફેસરે બધાની વાત સાંભળી, અને કહયું, '' સિંહોને જંગલી કૂતરાઓએ ફાડી ખાધા. આ વાત જરા વિચિત્ર અને માનવામાં ન આવે તેવી લાગે છે પરંતુ સાચી છે. છાપામાં આવેલા આ સમાચાર ખોટા નથી.''

પ્રિયા વચ્ચે બોલી પડી, 'પણ સર, આવું શકય ખરું ?'

'હા, શકય છે, અને બન્યુ છે તે હકીકત છે.' મૂળ વાત પર આવતાં પ્રોફેસરે સમજાવ્યું, 'જુઓ, સિંહ જંગલનો રાજા. જંગલમાં જાતે જ પોતાનો શિકાર શોધે. સિંહની શકિતઓની અન્ય પ્રાણીઓને પણ ખબર એટલે સિંહનો સામનો કોઈ કરે નહિ. શકિતશાળી અને ખૂંખાર પ્રાણી છે સિંહ.'

પરંતુ આ કિસ્સામાં બન્યું એવું કે આ સિંહ જંગલના નહોતા પણ સર્કસના હતા. સર્કસના સિંહોને તૈયાર માંસ ખાવાની ટેવ પડી ગયેલી. તેમણે કયારેય શિકાર કરીને ખોરાક શોધવાનો પ્રયત્ન જ નહોતો કરેલો. આ સિંહો શિકાર કરવાનું લગભગ ભૂલી જ ગયા હતા. શકિતશાળી હોવા છતાં તેઓ સામાન્ય કૂતરાનો સામનો ન કરી શકયા.

આજકાલ મા-બાપ બધું જ તૈયાર આપી દેતાં હોય છે. દૂધ કહેતાં દૂધ ,ચોકલેટ કહેતાં ચોકલેટ મળે ને બાઈક કહેતાં બાઈક મળે. જે જોઈએ તે બેઠી પલાંઠીએ મેળવી આપે. સંતાનોએ કંઈજ કરવાનું રહેતું નથી. તેમને કષ્ટ ન પડે તેનું પૂરતું ધ્યાન રાખે. આમ કરીને તેઓ સંતાનોને 'સર્કસના સિંહ' બનાવી દેતા હોય છે. કેટલાક પેરેન્ટ્સ તો સંતાનો માટે રૂપિયા ભેગા કરી રાખે છે. અને ગૌરવ લે છે કે મારાં સંતાનોને હવે કંઈ જ કરવાની જરૂર નથી. બેઠાં બેઠાં ખાવાનું જ છે બસપ! આવા મા-બાપોને સંતાનોના દુશ્મન કહી શકાય ?

સાહેબે વધુમાં ઉમેર્યુ-જયારે તમને સંઘર્ષ કરવાની તક જ ન મળે, તમે સંઘર્ષ શું છે તે જાણો જ નહિ તો તમને સફળતાનો આનંદ મળે કેવી રીતે ? જમવાનો આનંદ ત્યારે જ આવે જયારે ભૂખ લાગી હોય. પરંતુ અહીં તો ભૂખ ન લાગે તેની તરકીબો વડીલો દ્વારા વિચારાય છે અને અજમાવાય છે.

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

વળી 'અમને જે તકલીફો પડી તે અમારાં સંતાનોને ન પડવી જોઈએ.' એવી ભ્રામક માન્યતા સાથે કેટલાક વાલીઓ જીવતાં હોય છે. ન માટીમાં રમવા દે, ન તાપમાં નિકળવા દે ન વરસાદની મજા માણવા દે. સંતાનો માટે ઘર જાણે સર્કસનો તંબુ જ જોઈલો.! મોટા થઈને આ સર્કસસંતાનો નથી નોકરી મેળવી શકતા કે નથી વ્યવસાય કરી શકતા-આ 'સર્કસના સિંહ' જીવનની સમસ્યાઓ ઉકેલવામાં સદંતર નિષ્ફળ જતાં હોય છે.

બધા વિદ્યાર્થીઓ એક અવાજે ગર્જી ઉઠયા, ''ના, સાહેબ અમારે 'સર્કસના સિંહ' નથી બનવું.''

મિસરી : ''જે પ્રશ્ન પૂછે છે તે પાંચ મિનિટ પૂરતો બેવકૂફ બને છે. જે નથી પૂછતો તે કાયમને માટે બેવકૂફ રહેછે.''

(પતંગિયાનીપાંખે)

ઈસ બાર યહી તય કીયા હૈ, ઈસ બાર ઘાવોં કો દેખના હૈ

ઈસ બાર નહીં
ઈસ બાર નહીં
જબ વો છોટી બચ્ચી મેરે પાસ
અપની ખરોચ લેકર આયેગી
મેં ઉસે ફુ - ફુ કર નહીં બહલાઉંગા
પનપને દૂંગા ઉસકી ટીસ કો
ઈસ બાર જબ મૈં ચેહેરો પર દર્દ લિખા દેખૂંગા.
નહીં ગાઉંગા ગીત પીડા ભૂલા દેને વાલે.
દર્દ કો રિસને દૂંગા, ઉતરને દૂંગા અન્દર ગહરે ઘાવ
ઈસ બાર મૈં ના મરહમ લગાઉંગા
ના હી ઉઠાઉંગા રુઈ કે ફોહે
ઔર ના હી કહૂંગા કી તુમ આંખે બંધ કર લો
ગર્દન ઉધર કર લો મૈં દવા લગા દેતા હૂં
દેખને દૂંગા સબકો હમ સબકો ખુલે નંગે ઘાવ
ઈસ બાર જબ ઉલઝને દેખૂંગા છટપટાતે
નહીં દોડૂંગા ઉલઝી ડોર લપેટને
ઉલઝને દૂંગા જબ તક ઉલઝ સકે
ઈસ બાર ઘાવોં કો દેખના હૈ
ગૌર સે
લમ્બે વક્ત તક
કુછ ફૈંસલે ઔર કુછ હૌંસલે
કહી તો શુરુઆત કરની હી હોગી
ઈસ બાર યહી તહ કીયા હૈ...

-પ્રસૂન જોશી

૨૦૦૮માં મુંબઈ પર ત્રાસવાડી હુમલો થયો પછી એનડીટીવી પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પતો એક કાર્યક્રમ રજૂ થયો હતો... તેમાં યુવા ગીતકાર પ્રસૂન જોષીએ આ કવિતા રજૂ કરી હતી.

સંસદ પર હુમલો થયાની વરસી આવે ત્યારે છાપા અને ટી.વી. પર ફરી પાછી આ હુમલાની ચર્ચા થાય... કસાબને ફાંસી અપાય ત્યારે વળી પાછી તાજ હુમલાના શહીદ કોન્સ્ટેબલ અને કમાન્ડોના પરિવારને બતાવાય, ઈન્ટરવ્યુ લેવાય - 'આપ ઈસ વક્ત કૈસા મહસૂસ કર રહે હૈ ?' જેવા વાહિયાત સવાલ પૂછવામાં આવે છે...

એટલે અત્યારે આવા સમયે જયારે કયાંય કશા બોમ્બ બ્લાસ્ટ નથી થયા ત્યારે ક-ટાણે આ કવિતા અહીં મૂકીને ઘટના યાદ કરવાનું શું તાત્પર્ય છે? એવા પ્રશ્ન આપને થાય એ સ્વાભાવિક છે...પરંતુ જરા વિચાર કરીએ કે, ૨૦૦૦માં આવેલા ભૂકંપમાં ૨૬મી જાન્યુઆરીએ જેણે પોતાના સ્વજનો ગુમાવ્યા હશે, તે બધા વર્ષમાં એક વાર જ એ દિવસે જ આટલા વર્ષોથી શોખ મનાવતા હશે ! ના. તેમની માટે દરેક દિવસ કપરો હશે...

કોઈ હોનારતને, ક્રૂર બોંબ બ્લાસ્ટને વરસ દર વરસ જન્મદિવસ કે પુણ્યતિથિની જેમ યાદ કરવાની આદત બનાવવી તે યાંત્રિકતાની પરાકાષ્ઠા છે.

હૃદયના એક ખૂણામાં એક ગમગીની, એક ટીસ સાચવી રાખવી આવશ્યક છે...

આપણા સંતાનોને દુનિયાની કાળી બાજુ ને દેખાડવાનો અભિગમ આપણે બદલવો પડશે... અને આ શક્ય ત્યારે જ બનશે જયારે આપણે પોતે વરવી વાસ્તવિકતાને નજરઅંદાજ કરવાનું બાજું પપર મૂકીશું.

આજકાલ એક નવો ટ્રેન્ડ ચાલ્યો છે... ફેસબુક પર લાઈક કરવાનો, બ્લોગ પોસ્ટ કરવાનો... ચાર રસ્તે કે ગલીના ખૂણે જે ચંડાળ ચોકડી ગામ ગપાટા હાકતી હતી કે સ્થાન હવે ફેસબુક કે તેની બીજી સોશ્યિલ નેટવર્કીંગ સાઈટ્સ લઈ રહી છે...

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

માટે જ ૨૬/૧૧ ના રોજ કોઈ બોમ્બ બ્લાસ્ટના દુઃખિયારાની પોસ્ટ આવે. કે તરત જ તેને ફોરવર્ડ કરીને અથવા લાઈક કરીને ઝટપટ આપણે સહાનુભૂતિ ધર્મ બજાવી દઈએ છી... કામ પત્યું...

ના મિત્રો, કામ પતતું નથી. કાર્ય તો શરુ થાય છે... એક વિચિત્ર પ્રકારની સૂગ ધરાવતા આપણા માનસને લોહી નીતરતી લાશ કે કપાયેલા હાથ-પગ જોવાની ટેવ પાડવી પડશે...

બાળકોને પેમ્પરીંગ કરી કરીને આપણે બગાડી મૂકીએ છીએ... સગવડતાઓથી તરબતર કરી દઈએ છીએ... જુગુપ્સા ચડે, ચિત્રી ચડે, ઉબકા આવે તેવા આપણા સમાજના શર્મનાક કિસ્સાઓની સંતાડતા ફરીએ છીએ... કારણ કે બાળકને આ જ સમાજમાં શ્વસવાનું છે. કયાં સુધી તમે તેનાતી બધુ છુપાવી શકશો ? જયારે એક દિવસ તેની સામે અચાનક દુનિયાની કાળી બાજુ આવી જશે ત્યારે... ૨૪ કલાક તો તમે તેનું સુરક્ષાકવચ બની શકવાના નથી... અચાનક તેની સામે જયારે અનિશ્ચિનીય બનાવ બનશે, ત્યારે... શું તેનામાં તે પચાવવાની તેને જીરવવાની તાકાત હશે? બાળકોને નેચરલ પ્રોસેસમાં મોટા થવા દઈએ...!

બધું સંતાડતા રહેવાનો હવે કોઈ અર્થ નથી... આનો અર્થ એવો જરા પણ નથી કે... બાળકોને જન્મતાવેંત દુનિયાની બિભત્સતા, જુગુપ્સા દેખાડે રાખવાની પરંતુ... સૂર્યોદય સાથે સૂર્યાસ્ત પણ થાય છે તે દર્શાવવું આવશ્યક છે... લાલ, પીળા, લીલા રંગ વચ્ચે કાળો રંગ પણ હોય છે. તે બતાવવાનું જ ભૂલીએ બાળપણમાં 'એલિસ ઈન વન્ડરલેન્ડ'ની વાર્તા કહીએ ત્યારે,સુખદેવ-રાજગુરુ-ભગતસિંહની વાત પણ કહીએ... 'હેરી પોર્ટર' પાછળ ઘેલા થતા બાળકોને ૨૬/૧૧ના દિવસે શહીદ થયેલા પોલીસકર્મીઓને હીરો બનાવીને તેના પણ પરાક્રમ વંચાવીએ...

આપણે ઝનૂની અને આક્રમક પ્રજા પેદા નથી કરવી પરંતુ પ્રતિકાર કરનારી સંવેદનશીલ શઠંપ્રતિ શાક્યં કરનારી પ્રજાને પાંગરવી હશે તો પગલાં અત્યારથી જ ભરવા પડશે...

ક-ટાણે ક -સમયે લખાયેલ આ લેખ સમયસર આત્મસાત્ કરવા જેવો ખરો કે નહીં !

- jayuoza@gmail.com,
Mo. 9898046488

સંબંધો એ જીવનની મૂડી છે, સંબંધો પામવા - ટકાવવા અને તેનો આનંદ અનુભવવો એ અવર્ણનીય અનુભૂતિ છે

'અમારો કાર્યક્રમ ભલે હોય, પરંતુ અમારા વિશે તમારે કાંઈ બોલવાનું નથી' આવું જયારે કાર્યક્રમના યજમાન - આયોજક દંપત્તિએ કહ્યું ત્યારે નવાઈ લાગી, કારણ કે સામાન્ય અનુભવ એવો હોય છે કે જેમનો કાર્યક્રમ હોય એમના જીવન ઝરમરની વર્ષામાં ભીંજાવાનું ઓડિયન્સને આવતું હોય છે. પરંતુ અહીં આના કરતા ઉલટી ઘટના બની હતી.

એક દિવસે ગાયક-સંગીતકાર મિત્ર પંકજ પાઠકનો ફોન આવ્યો કે, 'એક સરસ મજાનું દંપત્તિ અમદાવાદમાં રહે છે અને એમને સંગીતનો એક કાર્યક્રમ કરવો છે એટલે શો ડિઝાઈન કરવા માટે એમને મળવા જવું છે.'

નવરંગપુરામાં એમના ઘરે ગયા - મળ્યા... પ્રથમ મુલાકાતે જ એમની શાલીનતા અને સ્વભાવમાં સહજપણે સમાયેલી ધીરતા-સ્થિરતા અને મૃદુતાનો સ્પર્શ થયો. એમનું બોલવાનું પણ એટલું ઓછું અને ધીમું કે સામેના માણસને પણ પોતે જરા માટેથી વાત કરી રહ્યો છે એવું લાગે. ભરત શાહ અને સુરેખા શાહ નામે આ દંપત્તિ એક સંગીતમય કાર્યકર કરવા ઈચ્છતા હતા. એમના લગ્નજીવનની મધુરતાના અનેક સંભારણા એમની પાસે હતા કારણ કે આ કાલખંડ ૪૬ જેટલા વર્ષોનો હતો. તેમની બે વ્હાલસોયી દીકરીઓ અને એમના બાળકોનો મધુર કલરવથી ભરેલો સંસાર હતો. આર્થિક - સામાજિક - સાંસ્કૃતિક એમ તમામ પ્રકારે તેઓ ભર્યા ભર્યા અને સમૃદ્ધ હતા. આ બધાથી વિશેષ એમને જે આનંદ હતો તે એ હતો કે અમે બંને પતિ-પત્ની તરીકે જ નહિ ઉત્તમ - સર્વોત્તમ મિત્ર તરીકે જીવ્યા છીએ. એમના જીવનમાં એમને જે મિત્રો-સ્વજનો મળ્યા એમના પ્રેમથી છલકાતી ગાગરના છાંટણાથી તેઓ સાતત્યપૂર્ણ રીતે ભીંજાતા રહ્યા હતા અને ભીંજાતા રહ્યા છે.

એમને કહ્યું કે, 'અમારા વિશે કાંઈ ન બોલો તો પણ ચાલશે, પરંતુ અમે જેમના થકી ઉજળા છીએ એવા અમારા સ્વજનો - પ્રિયજનો - મિત્રો માટે તમે વાતો કરો તો અમને બહુ સારું લાગે.' અમદાવાદનો ટાગોર હોલ આમંત્રિતોથી ભરચક્ક હતો. કાર્યક્રમ શરુ થતાં પહલાં કલાકારોની તમામ ટીમ માટે એમના પોતાના ઘરેથી - મહારાજે બનાવેલું પુરેપુરું ભોજન - ડીનર રૂપે આતિથ્યમાં એમણે આપ્યું તો કલાકારોને પણ ગ્રીન રૂમમાં આનંદ થયો.

આખ્ખોયે કાર્યક્રમ ૩ ભાગમાં વહેંચાયેલો રહ્યો. પ્રથમ ભાગમાં શાસ્ત્રીય રાગો પર આધારિત જૂની હિન્દી ફિલ્મના યાદગાર ગીતો રજૂ થયા. આ બંને પણ સંગીતના શ્રોતા અને પોતાની મસ્તી માટે સંગીત શીખે પંકજ સર પાસે, એટલે ગીતોની પસંદગી પણ કાબિલેદાદ કરી હતી. બીજા ભાગમાં સંતુર-ફ્લ્યુટ અને શેક્સોફોન જેવા સોલો ઈન્સ્ટ્રુમેન્ટ દ્વારા યાદગાર - મજેદાર ધૂન રજૂ થઈ જેને શ્રોતાઓએ તાળીઓથી વધાવી લીધી. ત્રીજા ભાગમાં પ્રેમમય ગીતો રજૂ થયા. એમના પારિવારિક સ્વજનો - મિત્રો - પ્રિયજનો - એમને સેવા આપનાર વિવિધ પ્રકારના પ્રોફેશનલ્સ, એમની સાથે કામ કરનાર મિત્રો - વ્યાપારીઓ તમામના ઉલ્લેખ સાથે એમની સાથે વીતાવેલી પળો માટે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત થયો. આ બંનેએ મંચ પર આવી સહુનો આભાર માન્યો ત્યારે 'એક તેરા સાથ હમકો દો જહાં સે પ્યારા હૈ' ગીત ગાયું ને શ્રોતાઓએ તાળીઓથી વધાવી લીધું.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'આદર્શ અમદાવાદ'નામનું એક અભિયાન તેઓ ચલાવે છે જેમાં સુંદર નગર માટે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન પણ સતત કરતા રહે છે. મજા તો એ વાતની કે સુરેખાબહેનના ૯૦ વર્ષના માતાને બે-ત્રણ વાર પૂછ્યું કે 'તમારે ઘરે જવું છે' તો કહે કે 'ના મારે પૂરો પ્રોગ્રામ સાંભળવો છે' ને તેઓ પણ કાર્યક્રમ પૂરો થયે જ સહુની સાથે ગયા...

કાર્યક્રમ આયોજક પોતાની વાત માંડે કે કરાવે એમાં જરાયે ખોટું નથી. જો એમાં અતોશયોક્તિ ના હોય તો !! પણ અહીં તો ઉલટી વાત બની હતી કે અમારી વાત જ ના કરશો... અમારા પ્રિયજનોની વાત કરો...

માણસના હોવા માત્રનો અર્થ જ કદાચ પ્રેમ છે. આપણને કોઈ પ્રેમ કરે છે અથવા આપણે કોઈને પ્રેમ કરીએ છીએ. એનાથી વધુ ઉત્તમ સંવેદના બીજી કોઈ હોઈ ના શકે... સંબંધો એ જીવનની મૂડી છે. સંબંધો પામવા - ટકાવવા અને તેનો આનંદ અનુભવવો એ અવર્ણનીય અનુભૂતિ છે.

માણસના જીવનમાં હંમેશા એક ખોળો એવો હોવો જોઈએ જેમાં તે માથું મૂકીને હાશનો અનુભવ કરી શકે અને એક ખભો એવો હોવો જોઈએ જેના સહારે તે ગમે તેવી મુશ્કેલી પર પાર પાડી શકે. માનવીના જીવનમાં આવા સંબંધો મળે છે અને તેની ઉજવણી થાય છે ત્યારે આનંદના અજવાળા રેલાય છે.

● ● ●

તુ જો મેરે સૂરમેં
સૂર મીલા દે
સંગ ગા લે
તો જીંદગી હો જાયે સફળ

- ફિલ્મ ચિત્તચોરનું ગીત